સ.શિ.પ. / ફેબ્રુ ૨૦૦૨ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** (રવિવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨) **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષયો વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. દિવ્યભાવ સમજવાની આવશ્યક્તા.
૨. મહારાજનું સર્વોપરીપણું (સ્વામીની વાતોને આધારે)
૩. ગુણાતીત સંતનો મહિમા (મહારાજના શ્રીમુખે)
૪. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના.

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** ૫

૧. મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ;
મારી દૃષ્ટિએ જક્ત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ.
૨. અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે.
૩. એ જ જ્ઞાની એ જ તત્ત્વવેત્તા, જેણે પ્રગટ પ્રભુને પેખિયા;
એ વિના રખે જ્ઞાની ગણો, જેને હરિનયને નથી દેખિયા.
૪. જે જે મૂરતિ જનને ભાવે, તે મૂરતિ નિજધામ પહોંચાવે;
પણ સર્વે પાર જે પ્રાપિતિ, તે છે તમારે કહે પ્રાણપતિ.
૫. ''ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચમહાપાપ કરતાં પણ
અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.''





**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૪

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સર્વકર્તા-હર્તા સમજવાની આવશ્યક્તા.
(અ) કલ્યાણને અર્થે તો સર્વકર્તા-હર્તા સમજવા એ જ છે.
(બ) સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયનો કર્તા પણ હું જ છું.
(ક) ભગવાન વિના બીજાં જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ.
(ડ) ભગવાન સર્વના કારણ છે, અને સર્વના કર્તા છે, ને સમર્થ છે.

૨. પ્રગટને ઓળખ્યા વગર કસર.
(અ) પ્રગટને ભજી-ભજી પાર પામ્યાં ઘણાં, ગીધ ગણિકા કપિવૃંદ કોટિ.
(બ) પરોક્ષથી ભવતણો પાર આવે નહિ, વેદ-વેદાંત કહે સત્ય વાણી.
(ક) વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થઈ;
પણ પ્રગટ સુખ પિયુ તણું, અણું જેટલું આવ્યું નહિ.
(ડ) મોટે ભાગ્યે ભેટે ભગતિ, પ્રગટ પ્રભુ પરમાણની.

**પ્ર.૪ નીચેનો કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.** ૪

૧. આ તો જોગીનું કામ છે, મારું કહ્યું તો એ જ ફેરવી શકે.
૨. રામાનંદ સ્વામીએ લાલજીભક્તને કહેલો શ્રીજીમહારાજનો મહિમા.
૩. કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો.** ૮

૧. ભગવાન ધામમાં અને પૃથ્વી પર બંને ઠેકાણે સાકાર છે.
૨. ગુણાતીત સંતનાં લક્ષણો.
૩. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - શ્રીમુખનાં વચનોને આધારે.
૪. પ્રગટની ભક્તિ એ જ શાંતિનો ઉપાય.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં) ૮**

૧. શ્રીજીમહારાજ સર્વોપરી હોવા છતાં સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં શ્રીકૃષ્ણ જેવા લખ્યા છે.

૨. સાકાર ભગવાન માટે પણ લોકમાં નિરાકારની સમજણ પ્રવર્તે છે.

૩. વર્તમાનકાળે શ્રીજીમહારાજ કેવળ એક પ્રમુખસ્વામી મહારાજ દ્વારા જ પ્રગટ છે.

૪. વાઘાખાચરની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો. ૮**

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. શ્રીજીમહારાજ પૂર્ણપુરુષોત્તમનારાયણ ... ... ... ... ... પ્રગટ અને દિવ્ય છે.

૨. શ્રીજીમહારાજ સદાય પોતાના અક્ષરધામની ... ... ... ... ... નિર્ગુણ કરી મૂકે છે.

૩. અક્ષરબ્રહ્મ એક જ છે છતાં ... ... ... ... ... સેવક રૂપે રહે છે.

૪. પુરુષોત્તમનું અન્વય ... ... ... ... ... ભિન્ન-ભિન્ન છે.

૫. આપણી ઉપાસના અક્ષરે સહિત ... ... ... ... ... હંમેશા બે ચરણની જ છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૧. જીવાત્મા અને ... ... ... ... ... જુદા નથી તેમ ન સમજવું.

૨. આજ્ઞા પાળ્યા વગર ... ... ... ... ... મોક્ષ મળી શકે તેમ ન સમજવું.

૩. વચનામૃતાદિ સત્‌શાસ્ત્રોનું ... ... ... ... ... સમજાવી શકાય છે.તેમ ન સમજવું.

**પ્ર.૮** સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તો સાધુ હતા. તેમને વસ્ત્ર, અલંકાર, આભૂષણો, પાઘ અને વાઘા ધરાવવાં યોગ્ય છે ? **૫**





**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. ૬**

૧. ‘‘હજુ તો તેં જુવાની જોઈ નથી. પછી ખબર પડશે.’’

૨. ‘‘સમય આવે બોલાવી લઈશું.’’

૩. ‘‘આ તો અમારા છે, એટલે અમને અર્પણ કરી દેજો.’’

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ બે કારણ આપો. ૬**

૧. કાઠીઓ બોલી ઊઠ્યા, ‘વાહ ! પર્વત વાહ !’

**અથવા**

ભગાદોશી સત્સંગી થયા.

૨. કુશળકુંવરબાને શ્રીજીમહારાજના સ્વરૂપમાં પ્રતીતિ થઈ.

**અથવા**

પ્રમુખસ્વામીના શરીરના ડાઘ દૂર થઈ ગયા.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. ગોપાળાનંદ સ્વામીનાં ઐશ્વર્યો (કોઈપણ બે)

**અથવા**

રઘુવીરજી મહારાજની ત્યાગવૃત્તિ (કોઈપણ બે)

૨. બાળકોના સ્વામીજી (કોઈપણ બે)

**અથવા**

નમ્રતાના સાગર - પ્રમુખસ્વામી મહારાજ (કોઈપણ બે)

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૬**

૧. ગોપાળાનંદ સ્વામીએ આશરે કેટલા સંત-હરિભક્તોને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ માટે મોકલ્યા હતા ?

૨. લાલજી ભક્તે યાત્રામાં સાથે શું શું લીધું ?

૩. ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજ માટે શું કહેતા ?

૪. ગઢડામાં પર્વતભાઈને કેટલા દિવસ ભૂખ્યા રહેવું પડ્યું ?

૫. શિવલાલે ભાવનગરમાં કોને પધરાવ્યા ?

૬. શાંતિલાલને પાર્ષદી દીક્ષા ક્યાં, કોણે અને ક્યારે આપી ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નાક-કાન કપાવાની બીકે બ્રહ્માનંદ સ્વામી શોક કરવા લાગ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ શું કહ્યું ?

(અ) આ જન્મમાં મહારાજને માટે ભલે નાક-કાન કપાય.

(બ) સ્વામી ! મૂંઝાશો નહિ, કર્તા-હર્તા તો મહારાજ છે.

(ક) અરેરે ! આ દુઃખ ક્યાં આવી પડ્યું ?

(ડ) આપણી લાજ મહારાજના હાથમાં છે, તે જરૂર રક્ષા કરશે.

૨. સંતમહિમા કહેતાં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે

(અ) જેવા એ સંત કહીએ શિરોમણિ, તેવા હરિ સહુ શિરમોડ;

(બ) સંત મળ્યા વિના સંસાર સાગર જીવથી કદી ન તરાય.

(ક) અનુપ સંતને આપું ઉપમા, એવું નથી જો એક.

(ડ) સુખદાયક રે, સાચા સંતનો સંગ, સંતસમાગમ કીજીએ.

૩. પ્રમુખસ્વામી મહારાજની સાધુતાથી અભિભૂત થતાં પ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી શું કહે છે ?

(અ) આજે આવા મહાપુરુષ મળવા દુર્લભ છે.

(બ) તેઓ ભારતીય સંસ્કૃતિની રખેવાળી કરી રહ્યા છે.

(ક) પ્રમુખસ્વામીજી ભગવાનનું રહેઠાણ છે.

(ડ) મેલા કાળજાને ધોવા માટે એમની વાણીની જરૂર છે.





## (વિભાગ - ૩ નિબંધ)

**પ્ર.૧૪ નીચેના કોઈપણ <u>એક</u> વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. જીવનમાં બાળ, કિશોર અને વડીલ સત્સંગસભાની આવશ્યક્તા

૨. ભૂકંપપીડિતોની સહાયે - BAPS

૩. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં - સ્વામિનારાયણ મહામંત્રમાં પ્રતીતિ અને તેનું પ્રવર્તન

* * *